જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ અન્વયે કાઢેલ

હુકમ

નં.વિશા/એ સેકશન/પરમીટ/ ૧૩૪ /૨૦૧૯
પોલીસ કમિશનરની કચેરી, વિશેષ શાખા,
શાહીબાગ,અમદાવાદ શહેર.તા. ૧૫/૧૦/૨૦૧૯

વિધાનસભા પેટા ચુંટણી-૨૦૧૯ તા.૨૧/૧૦/૨૦૧૯ ના રોજ યોજાનાર છે. ભારતના ચુંટણી પંચ દ્વારા કોઈપણ સરકારી કે જાહેર મિલ્કતોને વિકૃત થતી અટકાવવા સુચનાઓ આપેલ છે. જેથી મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે નીચેની બાબતો પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

હું એ. કે. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (ખ) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

(૧) કોઈપણ રાજકીય પક્ષ, સંસ્થા, ચુંટણીના ઉમેદવાર કે તેમના કાર્યકર, સમર્થક કે સહાનુભુતિ રાખનાર કે અન્ય કોઈ વ્યકિત કોઈપણ સરકારી મકાન/જાહેર મિલકતની દિવાલ પર તથા જાહેર સ્થળે લખાણ લખી શકશે નહી. કોઇપણ રોડ રસ્તા ઉપર પણ આવા લખાણો લખી શકશે નહી અથવા પોસ્ટર/કાગળો ચોંટાડી કે કોઈપણ રીતે બગાડી શકશે નહી અથવા જાહેરાતના પુંઠા, પાટીયા, બેનર્સ, ધજા વગેરે રાખી/નિદર્શન કરી શકશે નહી.

(૨) આ હેતુ માટે સરકારી મકાન-જાહેર સ્થળમાં કોઈપણ સરકારી કચેરી અને તેના પ્રાંગણ જેમાં કચેરી મકાન આવેલ હોય તે તેમજ અગત્યની સુચનાઓ અને રસ્તાઓની દિશા સુચવતા પાટીયા, હાઈવે ઉપરના માઈલ સ્ટોન અને બોર્ડ રેલવે લેવલ ક્રોસીંગ ઉપરના ચેતવણી આપતા બોર્ડ, રેલવે પ્લેટફોર્મ ઉપરના બોર્ડ, બસ સ્ટેન્ડ ઉપરના બોર્ડ, લોકોને ચેતવણી આપતા બોર્ડ, ટેલીફોન તથા ઈલેકટ્રીકના થાંભલાઓ, નગરપાલિકા અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ, સહકારી સંસ્થાઓની મિલ્કતો, સરકારશ્રીના જાહેર ઉપક્રમોની મિલ્કતો, રાજય કે કેન્દ્ર સરકારની કચેરીઓના મકાનો, જાહેર માર્ગો અને એસ.ટી./એ.એમ.ટી.એસ બસ સ્ટોપ કે વાહનોનો સમાવેશ થશે.

(૩) આ હુકમ તા.૨૨/૧૦/૨૦૧૯ ના કલાક ૦૦.૦૦ થી તા.૨૭/૧૦/૨૦૧૯ ના કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના અમરાઈવાડી વિધાનસભા મત વિસ્તારને લાગુ પડશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવી, તેમજ આકાશવાણી અને દુરદર્શન ઉપરથી જાહેરાત કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સ્પેશિયલ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ.સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે અનુક્રમે આઇ.પી.સી. કલમ-૧૮૮ અને જી.પી.એક્ટ કલમ ૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૧૫/૧૦/૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

(એ. કે. સિંઘ )
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.